**<u>આંક–૫ થી વચગાળાનુ ભરણ પોષણ મેળવવાની અરજી લગત હુકમ</u>**

(૧) હાલના અરજદારે આ અરજી વચગાળાનુ ભરણ પોષણ મેળવવા દાખલ કરેલ છે. અરજી વંચાણે લેવામાં આવેલ છે.

(૨) અરજદાર તરફે રજુઆત કરવામાં આવેલ છે કે આ કામના અરજદાર નં.૧ ના લગ્ન આ કામના સામાવાળા નં.૧ સાથે મુસ્લિમ શરીયત તા.૦૧/૧૧/૨૦૨૦ ના રોજ ઉપલેટા મુકામે નિકાહ થયેલા જેની નિકાહ ચિઠ્ઠી માર્ક–૪/૧ થી રજુ કરેલ છે અને લગ્ન જીવનથી સંતાનમાં "ફાતેમા" નો જન્મ તા.૧૭/૦૮/૨૦૨૧ ના રોજ થયેલ. આ કામના સામાવાળાએ લગ્ન બાદ ચાર માસ અરજદારને સારી રીતે રાખેલ ત્યાર સામાવાળા અરજદારને રાત્રે અચાનક જ ઉઠીને મારકુટ કરતા અને શારિરિક તથા માનસીક દુખત્રાસ આપતા. જેથી આ બાબતની જાણ અરજદારના માવતરને થતા તેઓના મોટા બહેન નશીમાબેન તેઓની ખબર કાઢવા જુનાગઢ મુકામે આવેલ અને ૭ દિવસ રોકાયેલ તે દરમ્યાન અરજદારને સામાવાળા તરફથી સતત દુખત્રાસ અને મારકુટ કરતા હોવાનુ જાણ થતા અરજદારને તેઓના બહેન રિક્ષામાં દાતાર બાપુની જગ્યાએ અરજદારની તબીયત સારી ન હોવાથી લઇ ગયેલ અને રિક્ષામાં પાછ ઘરે જતા હતા તે દરમ્યાન કાળવા ચોક પાસે સામાવાળાઓ અરજદારને તથા તેઓની બહેનને રિક્ષામાંથી ઉતારી જેમ ફાવે તેમ ગાળો કાઢી ઢિકાપાટુનો માર મારી અરજદારને લોહી લુહાણ કરી દેતા અરજદારને એમ્બ્યુલન્સમાં ૧૦૮ માં જુનાગઢ સરકારી દવાખાને લઇ ગયેલા ત્યારે અરજદાર ભાનમાં હતા અને હોસ્પીટલમાં એક દિવસ રાખેલ અને જુનાગઢ મહિલા પોલીસે અરજદારની ફરિયાદ હકીકત લખી લીધેલ અને અરજદાર તેઓના માવતર ઉપલેટા જતા રહેલ. સામાવાળાઓ ધંધો કરવા જતા ત્યારે અરજદારને ઘરમાં પુરી દેતા અને અવાર નવાર મેણાટોણા મારતા અને કહેતા કે તારી બહેન રિસામણે છે અને તારા ભાઇની છુટાછેડા થઇ ગયેલ છે

તેમ કહી અરજદારને ચાલ્યા જવાનુ કહેતા અને ગેરશબ્દો બોલતા હતા. આ કામના સામાવાળા જુનાગઢ મુકામે ખાડકી વાડા, ગાંધી ચોકમાં માલિકીની દુકાન છે અને દુકાનમાં ખાટકી(કસાઇ/મટન) નો વેપાર ધંધો કરી મહીને રૂ.૫૦,૦૦૦/– તથા સુરત મુકામે વાહનમાં બકરી ભરીને લઈ જઈ ત્યા વેચાણ કરી મહિને રૂ.૫૦,૦૦૦/– એમ કુલ મહિને રૂ.૧,૦૦,૦૦૦/– જેવી આવક મેળવે છે તથા સામાવાળાને કોળી વાડા જુનાગઢ મુકામે ઘરના મકાનો આવેલા છે જેની હાલની કિંમત પચ્ચીસ લાખ થાય છે જેથી સદર અરજી ચાલતા સમય લાગે તેમ હોય અરજીમાં માંગ્યા મુજબ વચગાળાનુ ભરણ પોષણનો હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૩) ત્યાર બાદ સદર અરજીના કામે આંક–૭ થી પ્રોટેકશન ઓફીસરશ્રીએ ઘરેલુ હિંસા બનાવનો રિપોર્ટ રજુ થયેલ છે. જે રિપોર્ટ ધ્યાને લેતાં અરજદારની અરજીની હકીકતને સમર્થન કરતો હોય જેથી આ કામના સામાવાળાને ધોરણસરની નોટીસ કરતા આ કામના સામાવાળા તેઓના વિ.વ.શ્રી મારફત હાજર થયેલ છે અને આંક–૨૦ થી વાંધા જવાબ રજુ કરેલ છે અને સામાવાળાએ તેમની સામેના આક્ષેપોનો ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે અરજદારને શારિરિક માનસીક દુઃખ ત્રાસ આપેલ નથી. અરજદારને હરહમેશ ખુશ રાખતા. પરંતુ લગ્નના ચાર પાંચ માસ બાદ જ અરજદારના જિદ્દી અને ઉગ્ર સ્વભાવની સામાવાળાને જાણ થયેલ. અરજદાર તેમની ઈચ્છા મરજીથી તેમના માવતરે ગયેલ છે.હાલના અરજદારને તેડવાના અનેક પ્રમાણીક પ્રયત્નો કરેલા છે, જ્ઞાતિના આગેવાનો તથા જુનાગઢ ખાટકી સમાજના પ્રમુખશ્રીને પણ ઉપલેટા જઈ અને અરજદારને સમાધાન કરી અને તેડી જવા પ્રયત્નો કરેલા છે તેમજ ઉપલેટા ખાટકી સમાજના પ્રમુખશ્રીએ પણ સમાધાનના પ્રય્તનો કરેલ છે પરંતુ અરજદારે જ આવવાનો ઈન્કાર કરેલ છે. સામાવાળા જુનાગઢ મુકામે તેઓની વૃદ્ધ માતાશ્રી સાથે રહે છે અને છુટક મજુરી કામ કરી રોજના રૂ.૨૫૦ થી ૩૦૦ મજુરીની આવક મેળવે છે. તેમજ જુનાગઢ

મુકામે અરજદારે જે મકાન જણાવેલ છે તે મકાન જુનુ અને નળીયા વાળુ મકાન છે અને તે મકાન સામાવાળાના દાદાનુ છે. જેથી અરજદારની અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૪) બન્ને પક્ષકારોની રજુઆત ધ્યાને લીધી. રેકર્ડ ઉપરની હકીકત ધ્યાને લેતા આ કામના અરજદાર આ કામના સામાવાળાના પત્નિ થાય છે. અરજદાર હાલ તેમના પિયર મુકામે રહે છે. વધુમાં, અરજદારે પોતાની હાલની અરજીમાં જે કથિત આક્ષેપો કરેલ છે તે આક્ષેપો પુરાવાને લગતી બાબત છે. વધુમાં, અરજદાર છેલ્લા ઘણા સમયથી પીયરમાં રહે છે. વધુમાં, આંક–૬ થી અરજદારને નામ.સુપ્રીમકોર્ટની ગાઇડ લાઇન મુજબનુ સોંગદનામુ રજુ કરેલ છે જેમાં અરજદારે સામાવાળા ખાટકી (કસાઇ/મટન) નો ધંધો તથા બકરા ઘેટા વેચીને મહિને રૂ.૧૦૦૦૦૦/– કમાતા હોવાનુ જણાવેલ છે. જયારે આ કામના સામાવાળાએ આંક–૨૧ થી નામ.સુપ્રીમકોર્ટની ગાઇડ લાઇન મુજબનુ સોંગદનામુ રજુ કરેલ છે જેમા સામાવાળાએ જણાવેલ છે કે પોતે છુટક મજુરી કરી રોજના રૂ.૨૫૦ થી ૩૦૦ કમાતા હોવાનુ જણાવેલ છે. આમ, ઉપરોક્ત વિગત ધ્યાને લેતાં તેમજ રેકર્ડ ઉપરની હકીકત જોતા અરજદાર હાલ તેમના પિયરમાં રહે છે અને સામાવાળાએ અરજદારના ભરણ પોષણની આજ દિન સુધી શુ વ્યવસ્થા કરેલ છે તે જણાવેલ નથી તથા ભરણ પોષણ કરવુ પતિની નૈતિક જવાબદારી છે અને એક પતિ તરીકે તેઓએ તેમના પત્નીના ભરણ પોષણ પેટે શુ વ્યવસ્થા કરેલ છે તે જણાવેલ નથી. આમ, અરજદારએ જે કથિત આક્ષેપો કરેલ છે તે બાબત પુરાવાને લગતી બાબત છે. પરંતુ, હાલના તબક્કે અરજદારોને વચગાળાનુ ભરણ પોષણ આપવાથી ન્યાયનો હેતુ જળવાશે. વધુમાં, અરજદારની વચગાળાની ભરણ પોષણની અરજી મંજુર કરતી વખતે એટલુ ભરણ પોષણ પણ ન આપી શકાય કે જેથી કે તેના પતિગૃહે પરત ફરવા તૈયાર ન થાય અને એટલુ ઓછુ પણ ન આપવુ જોઇએ કે તેની

જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ સંતોષી શકે નહી. હાલની અરજીમાં સામાવાળા ખાટકી(કસાઇ/મટન) નો ધંધો કરી તથા બકરા વેચી મહીને રૂ.૧ લાખ કમાતા હોવાનુ અરજદારે સોંગદ ઉપર જાહેર કરેલ છે. જયારે અરજદાર પાસે કોઈ આવકનુ સાધન નથી. જે વ્યવસાય ધ્યાને લેતાં આજના મોંઘવારીના સમયગાળામાં કોઈ પણ વ્યકિત દૈનિક છુટક મજુરી કે કામ કરી પાંચસો રૂપીયા કમાય શકે તેમ હોય અને બજારમાં હાલ મોંઘવારી દર અને દૈનિક વેતન દર ધ્યાને રાખતાં તથા સામાવાળા તેઓ પોતે મજુરી કામ કરી માસીક રૂ.૯૦૦૦/– કમાતા હોવાનુ સામાવાળાએ જણાવેલ છે. આ તબક્કે નામ.સુપ્રીમ કોર્ટને ચુકાદો ૨૦૦૮ ક્રિમીનલ લો જનરલ ૩૮૮૧ શ્રી શૈઇલ કુમારી દેવી વિ. કિશન ભગવાન પાઠક એલયાસ કિશન બી.પાઠક ના ચુકાદામાં પ્રસ્થાપિત સિંધ્ધાત ધ્યાને રાખતાં અરજીનો ટ્રાયલ ચલાવી નિર્ણત થતા દરમ્યાન વચગાળાનુ ભરણ પોષણ ચુકવવાનો આદેશ કરવાની સતા મેજીસ્ટ્રેટ કોર્ટને રહેલ હોય તથા સામાવાળા તરફે અરજદારોને ભરણ પોષણ ચુકવી આપવા માટે કોર્ટમાં કોઈ નાણાં ભરપાઈ કરેલ નથી કે અરજદારોને ભરણ પોષણ અંગે કોઈ વ્યવસ્થા કરેલ ન હોય હાલ અરજદારો ઓશીયાળુ જીવન ગુજારતા હોય તેવા સંજોગોમાં સામાવાળાની અરજદાર તેમની પત્ની થતી હોય તેની ભરણ પોષણની અને દૈનિક જીવન જરૂરીયાત પુરી કરવાની નૈતિક સામાજિક અને કાનુની ફરજ થતી હોય જે ફરજમાંથી હાલ સામાવાળા ચુક કરેલ હોવાનુ રેકર્ડ પર પ્રથમ દર્શનીય રીતે પુરવાર થતુ હોય પરંતુ અરજદાર તરફે સામાવાળાની આવક અંગેના તથા આવકની સ્ત્રોત અંગેના કોઈ ઠોસ આધાર પુરાવા રેકર્ડ પર રજુ કરેલ નથી તે જ રીતે સામાવાળા પણ અરજદારની આવક અંગેના કોઈ ઠોસ આધાર પુરાવા રજુ કરેલ નથી. હાલની અરજી વચગાળાના ભરણ પોષણની હોય અને કેસનો પુરાવો નોંધ્યા બાદ સાચી આવક રેકર્ડ પર પ્રસ્થાપિત થાય આ તબક્કે ચતુરભુજ વિ. સીતાબાયના ચુકાદામાં પ્રસ્થાપિત સિંદ્ધાત ધ્યાને

રાખતાં એબલ બોડીના સિદ્ધાંત મુજબ આ કામના સામાવાળા શારિરિક માનસિક રીતે કમજોર હોવા બાબતે કોઇ હકીકત રેકર્ડ પર રજુ કરેલ નથી તે સંજોગોમાં આજની મોંઘવારી અને દૈનિક વેતનદરને ધ્યાને લેતાં તથા સામાવાળા ખાટકી(કસાઇ/મટન) તથા બકરા વેચવાનો વ્યવસાય કરતા હોય તેવુ અરજદાર તેમની અરજી તથા એફીડેવીડમા જણાવેલ હોય તે સંજોગોમાં સામાવાળા મજુરી કરી દૈનિક વેતનદર ઓછામાં ઓછો પાંચસો રૂપીયા અનુમાન થઇ શકે અને મહિનાના ત્રીસ દિવસમાંથી કોઇ વ્યકિત ૨૪ દિવસ મીનીમમ રોજગારી મેળવી શકે તે સંજોગો ધ્યાને રાખતા સામાવાળાની માસીક આવક રૂ.૧૨૦૦૦/- હોવાનુ અનુમાન થઇ શકે. જેથી ઉપરોકત સઘળી હકીકતો ધ્યાને લઇ અને સામાવાળાની આવક અંગે થયેલ અનુમાન ધ્યાને રાખી હાલની વચગાળાની અરજીની તારીખથી અરજદાર નં.૧ ને માસિક ભરણ પોષણ પેટે રૂ.૩૦૦૦/- (અંકે રૂ.ત્રણ હજાર પુરા) તથા અરજદાર નં.૨ ને માસિક ભરણ પોષણ પેટે રૂ.૨૦૦૦/-(અંકે રૂ.બે હજાર પુરા) એમ મહીને કુલ રૂ.૫૦૦૦/- (અંકે રૂ.પાંચ હજાર પુરા) મુખ્ય અરજીનો અંતિમ નિર્ણય ન થાય ત્યા સુધી આ કામના સામાવાળાએ અરજદાર નં.૧ ને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમની બજવણી પ્રોટેકશન ઓફીસર મારફતે સામાવાળા પર યાદી પાઠવવા હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૧૧/૦૪/૨૦૨૫**
**મુકામઃઉપલેટા**

**(એ.એ.દવે)**
**જયુડી.મેજી.ફ.ક.ઉપલેટા**
**જીજે૦૧૪૪૨**